વહે જીવન રજની દિન ચિરનૂતન ધારા કરૂણા તવ અવિશ્રામ જનમ-મરણે... આનંદ લોકે મંગલા લોકે..

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧૪ | ૧૩ ઓક્ટોબર, ૨૦૨૦, મંગળવાર; અ. આસો વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૧૬૯ |
| અમદાવાદ | ૧૮૪ |
| ગાંધીનગર | ૩૪ |

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી મોકૂફ

**કોર્પોરેશન સહિત સ્થાનિક ચૂંટણીઓ ત્રણ માસ માટે મોકૂફ : ૬ મહાનગરપાલિકા, ૫૫ નગરપાલિકા, ૩૧ જિલ્લી પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતોની ચૂંટણી મોકૂફ : પંચાયત, તાલુકા, જિલ્લા પંચાયતની ચૂંટણીની કામગીરી ખુબ ઝટીલ હોવાના કારણે ચૂંટણી મોકુફ રાખવાનો નિર્ણય : ત્રણ માસ બાદ સ્થિતિની સમીક્ષા કરી નિર્ણય કરાશે**

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં આગામી નવેમ્બરમાં વિધાનસભાની પેટા ચૂંટણી યોજાવા જઈ રહી છે, જો કે કોરોનાની હાલની સ્થિતીની સમીક્ષા કરતા સ્થાનિક સ્વરાજની ચૂંટણી મોકુફ રાખવામાં આવી છે. ૬ મહાનગરપાલિકા, ૫૫ નગરપાલિકા અને ૨૩૧ તાલુકા પંચાયતોની ચૂંટણી ચૂંટણી પંચ દ્વારા રદ રાખવામાં આવી છે. તમામની મુદત નવેમ્બરમાં પુરી થઈ રહી છે. જો કે રાજ્યમાં વિધાનસભાની પેટા ચૂંટણી યોજવાની છે. જો કે પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીની કામગીરી ખુબ જ ઝટીલ હોવાના કારણે અને કોરોનાની સ્થિતીને ધ્યાને રાખીને આ ચૂંટણી મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ચૂંટણી પંચ અંગે જાહેરનામું બહાર પડ્યું છે અને જણાવાયું છે કે, આગામી ત્રણ મહીના પછી કોરોનાની સ્થિતીનિની સમીક્ષા કર્યા બાદ નિર્ણય લેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત ભાવનગર અને જામનગર મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી ૨૦૧૫માં યોજાઈ હતી. જેની મુદત ડિસેમ્બરમાં પુર્ણ થઈ રહી છે. જો ડિસેમ્બર સુધીમાં ડિસેમ્બર સુધીમાં ચૂંટણી ન યોજાય અને મુદત પુર્ણ થઈ જાય તેવી સ્થિતીમાં સ્થાનિક સ્વરાજના માળખામાં વહીવટદાર નિમવામાં આવતા હોય છે. અથવા તો વિધાનસભામાંથી ખાસ બિલ પાસ કરીને હાલના માળખાની મુદત વધારવાની હોય છે. રાજ્યની ૮ વિધાનસભાની પેટા ચૂંટણીઓ ૩ નવેમ્બરે યોજાનારી છે. ત્યારે પાલિકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ પણ નવેમ્બર ડિસેમ્બરમાં નિયત સમયે યોજવા માટે ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. જો કે આ ચૂંટણી દરમિયાન ચૂંટણી લક્ષી કામગીરી માટે સરકારી કર્મચારીઓ ફાળવવામાં આવે તે પહેલા અલગ અલગ મંડળો દ્વારા કોરોનાની સ્થિતીને ધ્યાને રાખીને તેનો વિરોધ ચાલુ કરવામાં આવ્યો હતો.

# કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી ભેટ

**૧૦ હજારનું વ્યાજ મુક્ત ફેસ્ટિવલ એડવાન્સ : એલટીસી પ્રવાસ માટે કેશ વાવઉચર કોરોનાને કારણે મંદીમાં સપડાયેલા અર્થતંત્રમાં તહેવારો ટાણે માગ વધે તે માટે સરકાર દ્વારા પગલુ લેવામાં આવ્યું**

નવી દિલ્હી,તા.૧૨

સૂસ્ત પડેલા બજારમાં ડિમાન્ડ વધારવા માટે સરકારે પોતાના કર્મચારીઓને ૧૦,૦૦૦ રુપિયા સ્પેશિયલ ફેસ્ટિવલ એડવાન્સ તરીકે આપવાનું નક્કી કર્યું છે. નાણાંમંત્રી નિર્મલા સિતારમણે આજે યોજાઈ રહેલી જીએસટી કાઉન્સિલની બેઠક અગાઉ પ્રેસ સાથે વાત કરતા આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્પેશિયલ ફેસ્ટિવલ એડવાન્સ તરીકે ૪,૦૦૦ કરોડ જેટલી રકમ ચૂકવાશે. જો તમામ રાજ્ય સરકારો પણ તેનો અમલ કરે તો આ આંકડો ૮ હજાર કરોડ સુધી પહોંચી શકે છે. સાતમા પગાર પંચની ભલામણો બાદ સરકારે ફેસ્ટિવલ એડવાન્સ આપવાનું બંધ કર્યું હતું. જોકે, હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા બજારમાં માંગ વધે તે હેતુથી સરકારે રોકડ પ્રવાહ વધારવા માટે શરુ કરેલા પ્રયાસોના ભાગ રુપે ફેસ્ટિવલ એડવાન્સ ફરી અપાઈ રહ્યું છે. આ ફેસ્ટિવલ એડવાન્સ પર સરકાર કોઈ વ્યાજ નહીં વસૂલે, અને તેનો લાભ લેનારા કર્મચારીએ ૧૦ હપ્તામાં તેની ચૂકવણી કરવાની રહેશે. આ ઉપરાંત, રાજ્ય સરકારોની આવકને પડેલા ફટકાને સરભર કરવા માટે કેન્દ્ર સરકારે વગર વ્યાજે ૧૨,૦૦૦ કરોડ રુપિયાની લોન ૫૦ વર્ષના

● અનુસંધાન પાન-૭ પર



# આખા મુંબઈમાં બે કલાક સુધી વીજળી ડૂલ થતાં હાલાકી

**લોકલ ટ્રેનોની સેવા પણ અટકી પડી : ટેકનિકલ ફોલ્ટ થતાં મુંબઈનું જનજીવન ખોરવાયું : આખરે વીજળી યથાવત થઇ : ઉદ્ધવ ઠાકરે દ્વારા તપાસનો આદેશ**

મુંબઈ,તા.૧૨

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં સોમવારે સવારે દસેક વાગ્યાની આસપાસ એકાએક વીજળી ડૂલ થઈ જતાં આખું શહેર થંભી ગયું હતું. મેટ્રોપોલિટન વિસ્તારના વિસ્તારોમાં વીજળીનો સપ્લાય ઠપ્પ થઈ જતાં લોકલ ટ્રેનો પણ અટવાઈ ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, મુંબઈ ઉપરાંત થાણે, નવી મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં પણ વીજળીનો સપ્લાય અટકી ગયો હતો. રાજ્યના ઊર્જામંત્રી નીતિન રાઉતે જણાવ્યું હતું કે રિપેરિંગ અને મેઈન્ટેનન્સનું કામ શરુ થયું હોવાથી લોડને




બીજી સર્કિટ પર શિફ્ટ કરાયો હતો. જોકે, તેમાં

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- અભિનેત્રી ખુશ્બુ સુંદર કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ
- હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુર કોરોનાથી સંક્રમિત
- નફરત ફેલાવતી ન્યૂઝ ચેનલોને પારલે-જી કંપની એડવર્ટાઈઝમેન્ટ નહિ આપે
- વડાપ્રધાને વિજયા રાજે સિંધિયાના સન્માનમાં ૧૦૦ રૂપિયાનો સ્મૃતિ સિક્કો બહાર પાડ્યો
- માનવ અધિકાર કમિશનને કોરોના કાળમાં ૩૨૮૭૬ ફરિયાદો મળી જે આજ સુધીનો વિક્રમ છે.
- આજે સુપ્રીમ કોર્ટ વ્યાજ માફ કરવાના કેસની સુનાવણી કરશે.
- શ્રીનગરમાં સેનાએ વધુ બે આતંકીઓના ઠાર કર્યા
- કેરળની આર્યનંદા સારેગામાપા લિટલ ચેમ્પ્સ-૨૦ની ચેમ્પિયન

# અવરચંડુ ચીન ભારતને હંફાવવા માટે ચાલ ચાલે છે

**ચીનની મેલી મુરાદ : ભારત સૈન્ય ખેંચે, પોતે હડપ કરેલું સ્થળ ન છોડે**

**વાતચીતના તાજા રાઉન્ડમાં ભારતીય સૈનિકોને પાછા હટવાનો પ્રસ્તાવ**

નવી દિલ્હી, તા. ૧૨

ચીન છેલ્લા સાત મહિનાથી ભારતની નસ દબાવે છે, પરંતુ



એવું લાગે છે કે સંભવત પરિસ્થિતિઓને પરખવાની તેની ક્ષમતા નથી. ડ્રેગનના મગજમાં હજુ પણ એમ જ છે કે ભારત વ્યૂહાત્મક મહત્વના મોરચાથી પાછળ હટાવી દેશે, પરંતુ પોતે અતિક્રમણ અટકાવશે નહીં. આ જ કારણે સૈન્ય સ્તરની વાતચીતના તાજેતરના રાઉન્ડમાં ચીને ડી-એસ્કેલેશન માટે ખૂબ જ વિચિત્ર પ્રસ્તાવ મૂક્યો હતો. સુત્રોના જણાવ્યા અનુસાર, ચીન પૂર્વી લદ્દાખના પેંગોંગ તળાવમાં આવેલા ફિંગર ૮ થી પાછા ફરવા માટે તૈયાર છે, પરંતુ ભારતને ફિંગર ૪ થી ફિંગ ૩ અને ફિંગર ૨ પર પાછું દબાણ કરવા માગે છે. ચીન જાણે છે કે ભારત કોઈ પણ કિંમતે પોતાની સૈનિકો પરત લાવી શકશે નહીં કારણ કે તેણે કોઈ અતિક્રમણ કર્યું નથી. ચીનને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભારતનો પ્રદેશ ફિંગર ૮ સુધી જાય છે. તેથી, સૈનિકોને ફિંગર ૩ પર પાછા બોલાવવાનો કોઈ પ્રશ્ન નથી. બીજું, આ વર્ષે મે પહેલાં ભારતીય સૈનિકોને ફિંગર ૮ સુધી પેટ્રોલિંગ કરતા રોકવામાં આવતા ન હતા. ચીની સૈનિકો હજી પણ ફિંગર ૮ પર તૈનાત હતા, પરંતુ હવે તેઓ ભારતીય સૈનિકોના ત્યાં આવવા સામે વાંધો ઉઠાવી રહ્યા છે. તેથી, ભારતે ચીનને કહ્યું હતું કે તેણે મેની સ્થિતિને પુનર્સ્થાપિત કરીને, ફિંગર ૮ પર પાછા જવું જોઈએ. ભારતે સ્પષ્ટ કહ્યું છે કે ડિએક્સિલેશનની શરૂઆત ચીનથી થવી જોઈએ અને તેને આવું કરવું પડશે. ચીનના સતત બદલાતા વલણને કારણે હવે ભારતે તેના પર વાંધો પણ ઉઠાવ્યો નથી. ભારતને આશંકા છે કે જો

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના વાયરસની તસવીર દુનિયા સામે પહેલીવાર આવી

**ચાઈનીઝ વૈજ્ઞાનિકોએ તસવીરમાં સફળતા મેળવી : તસવીરોની સામે આવતા દુનિયાભરના વૈજ્ઞાનિકો આશા છે કે કોરોના વાયરસ રસીની શોધ ટૂંક સમયમાં પૂર્ણ થશે**

બેઈજિંગ,તા.૧૨

કોરોના વાયરસ રોગચાળાને સમાપ્ત કરવા માટે રસીની શોધ કરતી દુનિયા માટે ખૂબ જ સારા



સમાચાર છે. ચાઈનીઝ વૈજ્ઞાનિકોએ વિશ્વમાં પહેલીવાર આ કિલર વાયરસની તસવીરો બનાવી છે. આ તસવીરોથી કોરોના વાયરસ અંગે ઘણા મોટા ઘટસ્ફોટ થયા છે. તસવીરો દર્શાવે છે કે કોરોના વાયરસ નુકીલા આકારનો છે. એટલું જ નહીં, કોરોના વાયરસની માનવ કોષો સાથે અંતઃ ક્રિયાનો પણ ખુલાસો થયો છે. કોરોના વાયરસની તસવીરો સામે આવતા વૈજ્ઞાનિકોને હવે આ રોગચાળાને સમાપ્ત કરવા માટે રસી બનાવવામાં મોટી મદદ મળી રહી છે. ચીનની ત્સિગુઆ યુનિવર્સિટીના બાયોલોજિસ્ટ ડૉક્ટર સાઈ લી હંગઝોઉની બાયોસેફટી લેબમાં વાયરસ એક્સપર્ટ સાથે મળીને કામ કરી રહ્યા છે. જણાવી દઈએ કે, આખી દુનિયામાં કોરોનાને કારણે ૧૦ લાખ કરતા પણ વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. કોરોના વાયરસની તસવીરો જાહેર થયા બાદ વૈજ્ઞાનિકોને હવે આશા છે કે કોરોનાની રસી અને કોરોનાની સારવાર શોધી શકાશે. ચીનની ત્સિગુઆ યુનિવર્સિટીના બાયોલોજિસ્ટ ડૉક્ટર સાઈ લી હંગઝોઉની બાયોસફટી લેબમાં વાયરસ નિષ્ણાતો સાથે મળીને કામ કરી રહ્યા છે. નિષ્ણાતો લેબની અંદર કોરોના વાયરસ તૈયાર કરી રહ્યા છે. આ નિષ્ણાતોએ કોરોના વાયરસને કેમિકલની અંદર નાખ્યા જેથી તે કોઈ નુકસાન ન પહોંચાડી શકે. ત્યારબાદ વાયરસથી ભરેલું પ્રવાહી ડૉ. લીનને મોકલ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# દેશભરમાં ૧૫મીથી થિયટર્સ ખોલવાની તૈયારીઓ જોશમાં

**થિયેટર્સ સરકારના નિયમો મુજબ શરૂ થશે પરંતુ ટિકિટના ભાવ વધારાની શક્યતા નહિવત, જૂની ફિલ્મો રજૂ કરાશે**

નવી દિલ્હી, તા. ૧૨

ફિલ્મ ઉદ્યોગને કોરોના વાયરસ રોગચાળાથી ભારે અસર થઈ છે. દેશભરના સિનેમાઘરો ઘણા સમયથી બંધ છે, જે કેટલીક શરતો સાથે ૧૫ ઓક્ટોબરથી ખુલવા જઈ રહ્યા છે. જોકે ૧૫ ઓક્ટોબરથી સિનેમાઘરો ખુલવા જઈ રહ્યા છે, એવામાં સિનેમાઘરોનું ચિત્ર નવું બનવા જઈ રહ્યું છે. હવે થિયેટરોમાં ટિકિટ લેવાની વ્યવસ્થાથી માંડીને બેસવાની વ્યવસ્થા સુધીની તમામ બાબતો અલગ-અલગ થવા જઈ રહી છે. આવી સ્થિતિમાં, જાણો જ્યારે ૧૫ ઓક્ટોબરે થિયેટરો ખુલશે ત્યારે તેમનું ચિત્ર કેવું હોઈ શકે છે. સૌ પ્રથમ એ જાણવું રસપ્રદ બનશે કે કઇ ફિલ્મો રિલીઝ થવા જઈ રહી છે અને તેમાં શું નવું હશે.

૧૫ ઓક્ટોબરે થિયેટરોની શરૂઆત થઈ રહ્યા છે ત્યારે પ્રથમ રિલીઝ થનારી ફિલ્મો અંગે અનેક અહેવાલો આવી રહ્યા છે. ગત વર્ષે લોકસભાની ચૂંટણી બાદ વિવેક ઓબેરોય સ્ટારર પીએમ નરેન્દ્ર મોદી ફરીથી રિલીઝ થવા જઈ રહી છે. નિર્માતાઓએ નિર્ણય લીધો છે કે આ ફિલ્મ હવે ફરી એકવાર ૧૫ ઓક્ટોબરના રોજ રીલિઝ થશે.

આ સાથે, ઈશાન ખટ્ટર અને અનન્યા પાંડે સ્ટારર ફિલ્મ ખાલી પીલી પણ થિયેટર ખુલ્યા પછી રીલિઝ થનારી પ્રથમ ફિલ્મ હશે. જો કે, આ ફિલ્મ પહેલાથી જ ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ થઈ છે. ડ્રાઈવ-ઈન થિયેટરોમાં ખાલી-પીલી પણ રજૂ કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન જૂની હિટ ફિલ્મો મુન્નાભાઈ એમબીબીએસ, પીકે, હેરાફેરી, ટાઈગર શ્રોફની રિલીઝ કરવામાં આવે તો પ્રેક્ષકો ફરીથી સિનેમાઘરોમાં આકર્ષિત થઈ શકે છે.

# દેશમાં સતત ૧૦મા દિવસે ૮૦ હજારથી ઓછા કેસ

**દેશમાં કોરોના કુલ કેસ ૭૧ લાખને પાર : છેલ્લા ૨૪ કલાકમાં ૬૬૭૩૨ પોઝિટિવ કેસ, ૮૧૬ના મોત : એક્ટિવ કેસ ૨૬ દિવસમાં ૧૫% ઓછા થયા, અત્યાર સુધીમાં ૬૧.૪૬ લાખ દર્દી સાજા થયા, ૮.૬૧ લાખ દર્દીની સારવાર ચાલી રહી છે**

ન્યુ દિલ્હી,તા.૧૨

દેશ અને દુનિયામાં કોરોનાનો કહેર ચાલુ છે. જો કે ભારતમાં કોરોનાની સ્પીડ ધીમી પડતી દેખાઈ રહી છે. છેલ્લાં કેટલાંક દિવસોથી કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. રવિવારે ૬૭ હજાર ૭૮૯ કેસ નોંધાયા છે. આ સતત ૧૦મો દિવસ હતો, જ્યારે નવા કેસ ૮૦ હજારથી ઓછા રહ્યા. ભારતમાં કોરોનાના કુલ કેસ ૭૧ લાખને પાર થઈ ચૂકયા છે જેમાં એક્ટિવ કેસોની સંખ્યા ૮૬૧૮૫૩ છે. અત્યાર સુધીમાં ૭૧,૨૦,૫૩૯ લોકો કોરોના સંક્રમણથી મુક્ત થઈ ચૂકયા છે.

છેલ્લાં ૧૦ દિવસથી કોરોનાથી થનાર મોતોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ દરમ્યાન કોરોનાથી થનાર મોતનો આંકડો હજારથી નીચે રહ્યો. સોમવારના રોજ કોરોના સંક્રમણના લીધે ૮૧૬ લોકોના મોતનો આંકડો સામે આવ્યો જેમાં રવિવારની સરખામણીમાં અંદાજે ૧૦૦નો ઘટાડો આવ્યો. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના લીધે ૧૦૯૧૫૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

કોરોનાના નવા કેસોની વચ્ચે સારા સમાચાર એ છે કે કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા સતત ઘટી રહી છે. દેશમાં અત્યારે કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા ૮૬૧૮૫૩ છે જે રવિવારની સરખામણીમાં ૫૬૪૩ ઓછી છે. ICMRના આંકડા પ્રમાણે રવિવારના રોજ કોવિડ-૧૯ માટે ૯,૯૪,૮૫૧ સેમ્પલના ટેસ્ટ કરાયા. ત્યાં ૧૧ ઑક્ટોબર સુધીમાં દેશમાં કુલ

● અનુસંધાન પાન-૭ પર


## આકસ્મિક દુઃખદ અવસાન



અમારા સુપુત્ર શ્રી
**રાજનકુમાર જેઠાભાઈ બાબરિયા**
તા. ૧૨/૧૦/૨૦૨૦, સોમવારના રોજ શ્રી સીમંધર સ્વામીના શરણે મોક્ષગતિ પામેલ છે. **વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્દગતનું ટેલીફોનીક બેસણું રાખેલ છે. લૌકિક ક્રિયા રાખેલ નથી.** આપની સાથેની ટેલીફોનીક વાતચીતને અમો રૂબરૂ મળ્યા તુલ્ય સમજીશું.

**તારીખ : ૧૪/૧૦/૨૦૨૦, બુધવાર**
**સમય : સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી**

| | |
|---|---|
| પ્રેમજીભાઈ ગોરાભાઈ બાબરિયા (દાદા) | દેવુબેન પ્રેમજીભાઈ બાબરિયા (દાદી) |
| જેઠાભાઈ પ્રેમજીભાઈ બાબરિયા (પિતા) | મણીબેન જેઠાભાઈ બાબરિયા (માતા) |
| ગં.સ્વ. વૈશાલીબેન રાજનભાઈ બાબરિયા | રાજવી, રીવા (સુપુત્રીઓ) |
| શૈલેષકુમાર કાંતિભાઈ સાપરિયા (બનેવી) | દક્ષાબેન શૈલેષકુમાર સાપરિયા (બહેન) |
| | કુ. ઉર્વશી જેઠાભાઈ બાબરિયા (બહેન) |

પ્લોટ નં. ૧૧૬૬/૧, સેક્ટર-૩/ડી, ગાંધીનગર
**સંપર્ક નં. : ૯૮૨૫૬ ૮૯૩૭૯, ૯૮૨૪૬ ૬૬૭૨૦**

● મોસાળ પક્ષનું બેસણું પણ સાથે રાખેલ છે.
- રમેશભાઈ માણંદભાઈ સોંદરવા
મો. ૯૮૨૫૮ ૪૨૯૫૯
- જયાબેન રમેશભાઈ સોંદરવા